©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]  THURSDAY, JULY 23, 2026 / SRAVANA 1, 1948  [ No. 30**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ: ૧૧મી મે, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક: જીજી/૪૭/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૩૯.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**The Official Secrets Act, 1923**

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૨૦૨૬

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.**

**ક્રમાંક: જીજી/૪૭/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૩૯:** ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળના વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહું અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં જણાવેલ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડના સેક્શનલાઇઝીંગ વાલ્વ લોકેશન (SV-02) કીડીયાનગર ગામ, તાલુકો: રાપર, જિલ્લો: કચ્છ-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

**અનુસૂચિ**

**સરવે નંબર, સ્થળના નામ અને સ્થળની હદનું વર્ણન.**

| ઈન્સ્ટોલેશનનું નામ | સરનામું | સરવે નંબર અને વિસ્તાર | પ્રતિબંધિત વિસ્તારની હદો |
|---|---|---|---|
| ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ સેક્શનલાઇઝીંગ વાલ્વ લોકેશન (SV-02) | ગામ: કીડીયાનગર<br>તાલુકો: રાપર<br>જિલ્લો: કચ્છ. | સરવે નં. ૧૨૨૯/૧/પી૧<br>કુલ ક્ષેત્રફળ: ૧૪૭૯ ચોરસ મીટર<br>પ્રતિબંધિત વિસ્તાર: ૧૪૭૯ ચોરસ મીટર | ઉત્તરે: સરવે નંબર ૧૨૨૯/પી૧-ની બાકી રહેતી જમીન.<br>દક્ષિણે: સરવે નંબર ૧૨૨૯/પી૧-ની બાકી રહેતી જમીન.<br>પૂર્વે: સરવે નંબર ૧૨૨૯/પી૧-ની બાકી રહેતી જમીન.<br>પશ્ચિમે: સરવે નંબર ૧૨૨૯/પી૧, ૧૨૨૯/પી૨ અને કીડીયાનગર ગામથી રાપર તરફ જતા રસ્તાથી આશરે ૧૭ મીટરની (જમીન). |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મોનિકા ભેડા,**

સરકારના ઉપસચિવ.

-----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૧૧મી મે, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક: જીજી/૪૯/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૪૧.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**The Official Secrets Act, 1923**

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૨૦૨૬

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.**

**ક્રમાંક: જીજી/૪૯/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૩૧:** ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળના વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહું અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં જણાવેલ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડના સેક્શનલાઇઝીંગ વાલ્વ લોકેશન (SV-04) ગરાંબડી ગામ, તાલુકો: સાંતલપુર, જિલ્લો: પાટણ-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

**અનુસૂચિ**

**સરવે નંબર, સ્થળના નામ અને સ્થળની હદનું વર્ણન.**

| ઇન્સ્ટોલેશનનું નામ | સરનામું | સરવે નંબર અને વિસ્તાર | પ્રતિબંધિત વિસ્તારની હદો |
|---|---|---|---|
| ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ સેક્શનલાઇઝીંગ વાલ્વ લોકેશન (SV-04) | ગામ: ગરાંબડી<br>તાલુકો: સાંતલપુર<br>જિલ્લો: પાટણ. | સરવે નં. ૩૭૯/પી૧/પી૧<br>કુલ ક્ષેત્રફળ: ૧૩૬૧ ચોરસ મીટર<br>પ્રતિબંધિત વિસ્તાર: ૧૩૬૧ ચોરસ મીટર | ઉત્તરે: સરવે નંબર ૩૭૩<br>દક્ષિણે: સરવે નંબર ૩૮૧ અને ૪૦૫<br>પૂર્વે: કંડલા-પાલનપુર નેશનલ હાઇવે<br>પશ્ચિમે: સરવે નંબર ૩૭૮ અને ૩૭૯ પૈકી |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મોનિકા ભેડા,**

સરકારના ઉપસચિવ.

-----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ: ૧૨મી મે, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજી/૫૦/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૩૮.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**The Official Secrets Act, 1923**

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી મે, ૨૦૨૬

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.**

**ક્રમાંક: જીજી/૫૦/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૩૮:** ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક: ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહું અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલા ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડના સેક્શનલાઇઝીંગ વાલ્વ લોકેશન (એસવી-૦૧), સામખીયાળી ગામ, તાલુકો: ભચાઉ, જિલ્લો: કચ્છ-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

**અનુસૂચિ**

**સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદનું વર્ણન.**

| **ઈન્સ્ટોલેશનનું નામ** | **સરનામું** | **સરવે નંબર અને વિસ્તાર** | **પ્રતિબંધિત વિસ્તારની હદ** |
|---|---|---|---|
| ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ સેક્શનલાઇઝીંગ વાલ્વ લોકેશન (એસવી-૦૧) | ગામ: સામખીયાળી<br>તાલુકો: ભચાઉ<br>જિલ્લો: કચ્છ | સરવે નંબર: ૧૯૯/૧<br><br>કુલ વિસ્તાર: ૧૯૨૭ ચોરસ મીટર<br>પ્રતિબંધિત વિસ્તાર: ૧૭૨૭ ચોરસ મીટર | ઉત્તરે: સરવે નંબર: ૨૦૧-ની જમીન<br>દક્ષિણે: સરવે નંબર: ૧૯૯-ની બાકીની જમીન પછી સામખીયાળી થી લખપત ગામ તરફ જતો પેવ્ઠ આસ્ફાલ્ટ રોડ (પાકો ડામરનો રસ્તો).<br>પૂર્વે: સરવે નંબર: ૨૦૧<br>પશ્ચિમે: વિદ્યમાન નાના કાચા રસ્તા પછી સરવે નંબર: ૨૧૬-ની જમીન |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મોનિકા ભેડા,**

સરકારના ઉપસચિવ.

-----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઈ, ૨૦૨૬

કાયદા વિભાગના તારીખઃ ૨૨મી જૂન, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક: જીકે/૧૬/૨૬/એમએચકે/૧૯૯૨/૫૦૦/એફ-૧.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Regarding***

**The Joint Secretary (Legal Side), in the Gujarat Secretariat Services, Class I, Recruitment Rules, 2026**

**ગુજરાત સચિવાલય સેવામાં, સંયુક્ત સચિવ (કાયદા બાજુ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૬ સંબંધી**

**જાહેરનામું**

**કાયદા વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જૂન, ૨૦૨૬

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીકે/૧૬/૨૬/એમએચકે/૧૯૯૨/૫૦૦/એફ-૧:** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત સચિવાલય સેવામાં, કાયદા વિભાગની કાયદા બાજુએ, સરકારના સંયુક્ત સચિવ (કાયદા બાજુ), વર્ગ ૧, ગુજરાત રાજ્ય-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત સચિવાલય સેવામાં, સંયુક્ત સચિવ (કાયદા બાજુ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગુજરાત સચિવાલય સેવામાં, સંયુક્ત સચિવ (કાયદા બાજુ), વર્ગ ૧-ની જગા પરની નિમણૂક જેણે,-

(૧) ગુજરાત સચિવાલય સેવા (કાયદા બાજુ), વર્ગ ૧-માં ઓછામાં ઓછા અગિયાર વર્ષ કામ કર્યું હોય, જેમાંથી ગુજરાત સચિવાલય સેવા (કાયદા બાજુ), વર્ગ ૧-માં, નાયબ સચિવ (કાયદા બાજુ) તરીકે ઓછામાં ઓછા પાંચ વર્ષ કામ કર્યું હોય, અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય:

- તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭-માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર,"ખૂબ સારા"-નો આધાર-ચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ, બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને, બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો નાયબ સચિવ (કાયદા બાજુ) તરીકેનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને, ગુજરાત સચિવાલય સેવા (કાયદા બાજુ)માં વર્ગ ૧-માં ઓછામાં ઓછા અગિયાર વર્ષ કામ કર્યું હોય તે શરતને અધીન રહીને, બઢતી આપી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પી. એમ. પટેલ,**

સરકારના નાયબ સચિવ.

-----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જુલાઈ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ: ૧૫મી જૂન, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજી/૬૦/૨૦૨૬/એસબી.પ/ઓએસએ/૧૦૨૦૨૫/૯૬.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**The Official Secrets Act, 1923**

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જૂન, ૨૦૨૬

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.**

**ક્રમાંક: જીજી/૬૦/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૫/૯૬:-** ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક: ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહું અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલા GETCO (ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ)ના ૬૬ કેવી નાંખી (ખાપરેટા), ગામ: નાંખી (ખાપરેટા), તાલુકો: હિંમતનગર, જિલ્લો: સાબરકાંઠા-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

**અનુસૂચિ**

**સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદનું વર્ણન.**

| ઈન્સ્ટોલેશનનું નામ | સરનામું | સરવે નંબર અને ક્ષેત્રફળ | પ્રતિબંધિત વિસ્તારની હદ |
|---|---|---|---|
| ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ<br>૬૬ કેવી નાંખી (ખાપરેટા) સબ-સ્ટેશન | ગામ: નાંખી (ખાપરેટા)<br>તાલુકો: હિંમતનગર<br>જિલ્લો: સાબરકાંઠા | ૨૪૩ પૈકી ૨<br>કુલ ક્ષેત્રફળ: ૫૪૦૦ ચોરસ મીટર<br>પ્રતિબંધિત ક્ષેત્રફળ: ૫૪૦૦ ચોરસ મીટર | પૂર્વે: સરવે નંબર: ૮-ની જમીન<br>પશ્ચિમે: સરવે નંબર: ૨૪૭ અને ૨૪૯-ની જમીન<br>ઉત્તરે: સરવે નંબર: ૮-ની જમીન<br>દક્ષિણે: સરવે નંબર: ૨૫૫-ની જમીન |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મોનિકા ભેડા,**

સરકારના ઉપસચિવ.

-----------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.07.23 19:07:58 IST